Extra No. 276

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, APRIL 9, 2026 / CHAITRA 19, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૯મી એપ્રિલ, ૨૦૨૬

ક્રમાંક : રાચઆ-ચટણ-નિરીક્ષક-સ્થા.સ્વ.-૧૬૫-પાર્ટ-૦૪૨૦૨૬-ક-૧૨૭૬૭ થી ૧૨૮૨૯

૧. નીચે કોષ્ટકના આસન-૩માં દર્શાવેલ જિલ્લાની મહાનગરપાલિકાઓ / નગરપાલિકાઓ / જિલ્લા / તાલુકા પંચાયતોની યોજાનાર સામાન્ય / પેટા ચૂંટણીઓના સરળ સંચાલન માટે તથા ચૂંટણી નિષ્પક્ષ, મુકત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી નિરીક્ષકોની નિયુકિત અંગેની બાબત રાજ્ય ચૂંટણી આયોગની વિચારણા હેઠળ હતી.

૨. રાજ્ય ચૂંટણી આયોગ, પુખ્ત વિચારણાના અંતે મુંબઈ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબતના) નિયમો, ૧૯૯૪ના નિયમ-૪ ક, ગુજરાત નગરપાલિકા (ચૂંટણી કરવા બાબતના) નિયમો, ૧૯૯૪ના નિયમ-૪ ક, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૪ કક તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (૬) અને ૨૪૩ (વ-ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને મળેલ અધિકાર અન્વયે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતેના અધિકારીશ્રીઓને તેમના નામ સામે દર્શાવેલ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની યોજાનાર સામાન્ય / પેટા ચૂંટણી માટેના ચૂંટણી નિરીક્ષક તરીકે આથી નિયુક્ત કરે છે.

અ.નં.	ચૂંટણી નિરીક્ષકશ્રીનું નામ અને હોદ્દો	જિલ્લાનું નામ	ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વિગત
૧	૨		૩
૧	શ્રીમતી અવંતીકા સિંઘ ઔલખ (આઈ.એ.એસ.), મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (GSPC), ગાંધીનગર.	અમદાવાદ	• અમદાવાદ મહાનગરપાલિકા • અમદાવાદ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ધોળકા, વિરમગામ, બારેજા નગરપાલિકાઓ
૨	ડૉ. વિનોદ રાવ (આઈ.એ.એસ.), અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	સુરત	• સુરત મહાનગરપાલિકા • સુરત જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • બારડોલી, કડોદરા, તરસાડી, માંડવી નગરપાલિકાઓ
૩	શ્રી લોચન સેહરા (આઈ.એ.એસ.), સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	વડોદરા	• વડોદરા મહાનગરપાલિકા • વડોદરા જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ડભોઈ, પાદરા, સાવલી, વાઘોડીયા નગરપાલિકાઓ
૪	શ્રી આલોક કુમાર પાંડે (આઈ.એ.એસ.), કમિશનર ઓફ રિલિફ એક્સ-ઓફિસિયો સેક્રેટરી ટુ ગવર્મેન્ટ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર	રાજકોટ	• રાજકોટ મહાનગરપાલિકા • રાજકોટ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ગોંડલ નગરપાલિકા
૫	કુ. આર્દ્રા અગ્રવાલ (આઈ.એ.એસ.), સચિવશ્રી, સામાન્ય વહિવટ વિભાગ (પ્લાનીંગ), સચિવાલય, ગાંધીનગર.	ભાવનગર	• ભાવનગર મહાનગરપાલિકા • ભાવનગર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • મહુવા, પાલીતાણા, વલ્લભીપુર નગરપાલિકાઓ
૬		બોટાદ	• બોટાદ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • બોટાદ, બરવાળા નગરપાલિકાઓ
૭	શ્રી એ. કે. પ્રજાપતિ મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ (GRIMCO), ગાંધીનગર	અરવલ્લી	• અરવલ્લી જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • મોડાસા, બાયડ નગરપાલિકાઓ
૮		મહીસાગર	• મહીસાગર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • લુણાવાડા નગરપાલિકા (પેટા ચૂંટણી)
૯	કુ. આર. એન. પંડ્યા જનરલ મેનેજરશ્રી, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર	બનાસકાંઠા	• બનાસકાંઠા જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • પાલનપુર, ડીસા, ધાનેરા નગરપાલિકાઓ
૧૦		વાવ-થરાદ	• વાવ-થરાદ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ભાભર, થરાદ નગરપાલિકાઓ
૧૧	શ્રી આર. એસ. ઠુમ્મર નાયબ નિયામકશ્રી, લેન્ડ રેકર્ડ, ભાવનગર	અમરેલી	• અમરેલી જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી નગરપાલિકાઓ
૧૨	શ્રી વી. જી. રોર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી	ભરૂચ	• ભરૂચ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ભરૂચ, આમોદ, જંબુસર, અંકલેશ્વર નગરપાલિકાઓ

અ.નં.	ચૂંટણી નિરીક્ષકશ્રીનું નામ અને હોદ્દો	જિલ્લાનું નામ	ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વિગત
૧	૨		૩
૧૩	ફાઉન્ડેશન (NRGF), ગાંધીનગર	નર્મદા	• નર્મદા જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • રાજપીપળા નગરપાલિકા
૧૪	શ્રીમતી એન. પી. પાટડિયા નાયબ કમિશનરશ્રી, કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગર	મહેસાણા	• મહેસાણા મહાનગરપાલિકા • મહેસાણા જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • કડી, વિજાપુર, વિસનગર, ઉંઝા, બેચર-બેચરાજી નગરપાલિકાઓ • વડનગર નગરપાલિકા (પેટા ચૂંટણી)
૧૫	શ્રી વી. સી. બાગુલ જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેડિકલ સર્વિસ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર	નવસારી	• નવસારી મહાનગરપાલિકા • નવસારી જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ગણદેવી નગરપાલિકા
૧૬		વલસાડ	• વાપી મહાનગરપાલિકા • વલસાડ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ઉમરગામ નગરપાલિકા
૧૭	શ્રી એ. એસ. મંડોત નાયબ નિયામકશ્રી, સ્પીપા, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, રાજકોટ	સુરેન્દ્રનગર	• સુરેન્દ્રનગર મહાનગરપાલિકા • સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • લીંમડી, ધ્રાંગધ્રા, પાટડી, ચોટીલા નગરપાલિકાઓ • થાનગઢ નગરપાલિકા (પેટા ચૂંટણી)
૧૮	શ્રી એસ. એ. ડોડિયા ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત હાઉસિંગ બોર્ડ, અમદાવાદ	તાપી	• તાપી જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • વ્યારા નગરપાલિકા
૧૯		ડાંગ	• ડાંગ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો
૨૦	શ્રી આઈ. એસ. પ્રજાપતિ નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટિ (GSDMA), ગાંધીનગર	જામનગર	• જામનગર મહાનગરપાલિકા • જામનગર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • સિક્કા નગરપાલિકા
૨૧	શ્રી એચ. એમ. સોલંકી ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ, ગાંધીનગર	કચ્છ	• ગાંધીધામ મહાનગરપાલિકા • કચ્છ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • અંજાર, માંડવી, ભુજ, મુન્દ્રા બારોઈ, નખત્રાણા નગરપાલિકાઓ
૨૨	શ્રી જી. વી. મિયાણી ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરશ્રી, રાજકોટ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટિ (RUDA), રાજકોટ	મોરબી	• મોરબી મહાનગરપાલિકા • મોરબી જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • વાંકાનેર, માળિયા-મીયાણા, ટંકારા નગરપાલિકાઓ

અ.નં.	ચૂંટણી નિરીક્ષકશ્રીનું નામ અને હોદ્દો	જિલ્લાનું નામ	ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વિગત
૧	૨		૩
૨૩	કુ. એ. યુ. મકવા ખાસ ફરજ પરના અધિકારીશ્રી, કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર	ખેડા	• નડીઆદ મહાનગરપાલિકા • ખેડા જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો (કઠલાલ, કપડવંજ તાલુકા પંચાયત સિવાય) • કપડવંજ, કણજરી, ઠાસરા, કઠલાલ નગરપાલિકાઓ • મહેમદાવાદ, મહુધા નગરપાલિકાઓ (પેટા ચૂંટણી)
૨૪	શ્રી એ. એ. ડોડિયા નાયબ નિયામકશ્રી, સ્પીપા, અમદાવાદ.	આણંદ	• કરમસદ-આણંદ મહાનગરપાલિકા • આણંદ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ઉમરેઠ, ખંભાત, પેટલાદ, બોરસદ, સોજીત્રા, તારાપુર નગરપાલિકાઓ
૨૫	શ્રી ડી. વી. વિઠ્ઠલાણી સંયુકત કમિશનરશ્રી, સરદાર સરોવર પુનર્વાસન એજન્સી (SSPA), વડોદરા	છોટાઉદેપુર	• છોટાઉદેપુર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • બોડેલી નગરપાલિકા
૨૬	શ્રી એમ. સી. પંડ્યા અધિક કલેક્ટરશ્રી, પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી, વડોદરા	પંચમહાલ	• પંચમહાલ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ગોધરા, શહેરા નગરપાલિકાઓ
૨૭	કુ. એસ. એચ. વર્મા જોઈન્ટ મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ, ગાંધીનગર	સાબરકાંઠા	• સાબરકાંઠા જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • હિંમતનગર, વડાલી, ઈડર નગરપાલિકાઓ • પ્રાંતિજ નગરપાલિકા (પેટા ચૂંટણી)
૨૮	શ્રી એન. આર. પ્રજાપતિ નાયબ કમિશનરશ્રી, સરદાર સરોવર પુનર્વાસન એજન્સી, વડોદરા	દાહોદ	• દાહોદ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • દાહોદ નગરપાલિકા
૨૯	શ્રી વી. આઈ. પ્રજાપતિ અધિક કલેક્ટરશ્રી, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર, અમદાવાદ	ગાંધીનગર	• ગાંધીનગર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો (ગાંધીનગર તાલુકા પંચાયત સિવાય) • દહેગામ, કલોલ નગરપાલિકાઓ
૩૦	શ્રી આર. આર. ગોહેલ કંટ્રોલરશ્રી, કાનુની માપ વિજ્ઞાન, ગાંધીનગર	ગીર સોમનાથ	• ગીર સોમનાથ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા, તાલાલા નગરપાલિકાઓ
૩૧	કુ. જે. સી. પંડ્યા મિશન ડાયરેક્ટરશ્રી, નેશનલ ન્યુટ્રિશન મિશન, કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર	દેવભૂમિ દ્વારકા	• દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • ખંભાળિયા, જામ રાવલ નગરપાલિકાઓ • સલાયા નગરપાલિકા (પેટા ચૂંટણી)
૩૨	કુ. એન. એસ. ગુપ્તા સંયુક્ત કમિશનરશ્રી, પી.એમ. પોષણ યોજના કમિશનરની કચેરી, ગાંધીનગર	પાટણ	• પાટણ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • પાટણ, સિધ્ધપુર નગરપાલિકાઓ • રાધનપુર નગરપાલિકા (પેટા ચૂંટણી)

અ.નં.	ચૂંટણી નિરીક્ષકશ્રીનું નામ અને હોદ્દો	જિલ્લાનું નામ	ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વિગત
૧	૨		૩
૩૩	શ્રી ડી. વી. વાળા નાયબ કમિશનરશ્રી, કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગર	જૂનાગઢ	• જૂનાગઢ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • કેશોદ નગરપાલિકા • બાંટવા નગરપાલિકા (પેટા ચૂંટણી)
૩૪	શ્રી સી. ડી. રાઠવા અધિક નિયામકશ્રી (રોજગાર), રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર	પોરબંદર	• પોરબંદર મહાનગરપાલિકા • પોરબંદર જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો • કુતિયાણા, રાણાવાવ નગરપાલિકાઓ (પેટા ચૂંટણી)

૩. ચૂંટણી નિરીક્ષકશ્રીને જરૂરી સાહિત્ય આયોગ કક્ષાએથી તેમજ સંબંધિત કલેક્ટરશ્રી / ચૂંટણી અધિકારીશ્રી દ્વારા પૂરું પાડવામાં આવશે.

૪. ચૂંટણી પ્રક્રિયાના સરળ સંચાલન તથા ચૂંટણી નિષ્પક્ષ, મુકત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી નિરીક્ષકશ્રીએ મુખ્યત્વે નીચે દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩, ગુજરાત નગરપાલિકાની (ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ તથા તેમાં વખતો વખતના થયેલ સુધારા અને રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓ પ્રમાણે ચૂંટણીનું સંચાલન થાય તે માટે ચૂંટણીના દરેક તબકકાની કામગીરીનું નિરીક્ષણ કરશે અને રાજ્ય ચૂંટણી આયોગને પોતાનો અહેવાલ મોકલશે.

(૨) ચૂંટણી અંગે આદર્શ આચાર સંહિતાનો તથા તે અંગેના રાજ્ય ચૂંટણી આયોગના જુદા જુદા પત્રો / પરિપત્રો / હુકમોનો અમલ થાય તે જોશે અને જો અમલ થતો ન હોય તો અમલ થાય તે બાબતે તાકીદે રાજ્ય ચૂંટણી આયોગની સાથે પરામર્શ કરી તાત્કાલિક જરૂરી પગલાં પણ લેશે.

(૩) મતદાન મથકે તથા મતગણતરી સ્થળે પ્રવેશ કરી શકશે.

(૪) ઉમેદવારોએ નિભાવવાના ખર્ચના વાઉચર/રજીસ્ટર તપાસી શકશે.

(૫) ચૂંટણી વીજાણુ મતદાન યંત્રોથી કરવામાં આવશે. સર્વિસ / ટેન્ડર મતપત્રો તથા લેબલ મતપત્રો વિગેરે છપાવેલ હશે તેની ચકાસણી કરવી, મતપત્રોના માપ સાઈઝ, કાગળની ગુણવત્તા તથા પ્રતીકોની ડીઝાઈન / આકૃતિની ચકાસણી કરશે અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશો પ્રમાણે ન હોય તો રીપોર્ટ પણ કરશે.

(૬) ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તથા જરૂરી પોલીસ બંદોબસ્ત અંગે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સંબંધિત પોલીસ કમિશનરશ્રી/ અધીક્ષકશ્રી અને રાજ્ય ચૂંટણી આયોગ સાથે પરામર્શ કરી જરૂર જણાયે તાત્કાલિક પગલાં પણ લેશે.

(૭) વીજાણું મતદાન યંત્રોના ઉપયોગ અંગેની તાલીમ સંબંધિત અધિકારીશ્રીઓ/કર્મચારીઓને આપવામાં આવી છે તે તથા મતદારોને / સર્વે પક્ષોને પણ વીજાણું મતદાન યંત્રોના ઉપયોગ અંગેની જરૂરી જાણકારી આપવામાં આવી છે કે કેમ તેનું પણ નિરીક્ષણ કરશે.

(૮) મહાનગરપાલિકાઓની / નગરપાલિકાઓની / જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતોની મતદારયાદી મતદાર નોંધણી સુધારા નિયમો મુજબ અદ્યતન કરી માર્ક કોપી યોગ્ય રીતે તૈયાર કરી છે કે કેમ તે અંગે ચૂંટણી અધિકારીઓ / મતદાર નોંધણી અધિકારી સાથે પરામર્શ કરી શકશે.

(૯) ચૂંટણી નિષ્પક્ષ અને મુકત રીતે યોજાય તે જોશે અને તેમ કરવા રાજ્ય ચૂંટણી આયોગ સાથે પરામર્શ કરી જરૂરી પગલાં પણ લેશે. મતદાન દુષિત થયું હોય તેવા કિસ્સામાં રાજ્ય ચૂંટણી આયોગને પોતાનો અહેવાલ તાત્કાલિક મોકલશે.

(૧૦) ચૂંટણી નિરિક્ષકશ્રીએ ઉમેદવારી પત્રોની ચકાસણીના / મતદાનના આગળના / મતદાનના / મતગણતરીના આગળના અને મતગણતરીના દિવસે સંબંધિત જિલ્લાના મુખ્ય મથક પર અચૂક ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૧૧) ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી ત્રણ દિવસમાં સંપૂર્ણ વિગતો / આધારો સાથે ચૂંટણી નિરીક્ષકશ્રીઓ નિયત નમૂનામાં પોતાનો અહેવાલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલશે.

(૧૨) ચૂંટણી નિરીક્ષકશ્રીએ મતદાનના દિવસ સુધીનો પ્રથમ અહેવાલ અને મત ગણતરીના દિવસનો બીજો અહેવાલ સમયસર રાજ્ય ચૂંટણી આયોગને રજૂ કરવાનો રહેશે.

૫. ઉપર દર્શાવેલ બાબતો ઉપરાંત આ સાથે સામેલ રાખેલ એનેક્ષર-૧ તથા ૨ માં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

૬. ચૂંટણી નિરીક્ષકશ્રીઓની બ્રીફીંગ માટે બેઠકનું આયોજન કરવામાં આવેલ છે, જેની વિગતો નીચે મુજબ છે:

બેઠકની તારીખ	:	૧૦.૦૪.૨૦૨૬
સમય	:	બપોરે ૧૨:૦૦ કલાકે
સ્થળ	:	કોન્ફરન્સ રૂમ,
		મહિલા અને બાળવિકાસ વિભાગ,
		બ્લોક નં. ૯, ૮ મો માળ,
		સચિવાલય, ગાંધીનગર

ઉક્ત બેઠકમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

રાજ્ય ચૂંટણી આયોગના હુકમથી,

આર. જી. ગોહિલ,
સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.04.20 22:23:18 IST